પ્રભુ ! પ્રભુ !! શું ! અમારા દેશને માટે.


દેશ દર્પણ

યાને

હૃદયના ઉદ્‌ગાર.

દોહરો.

...મા ભણી
પ્રભુ વાંચો આ એક
દેશ દર્પણ આ સુખવે
રાખો હૃદયથી ટેક.



સ્થિતિ જુઓ આ દેશની
ગુણીજન ગાંડા થઇ ફરે
આના બે રાખ્યા અમે
નયનોથી આંસુ ઝરે.

રચી છપાવી પ્રસીદ્ધ કરનાર,

...ઈલાલ દેસાઇભાઇ પટેલ, શાન્તિપોળ-કરમસદ.

...સ્તક સુરત લીમડાચોકમાં આવેલા "દેશી મિત્ર"
પ્રેસમાં મગનલાલ વનમાળીદાસે છાપ્યાં.

...ત ૨ જી — પ્રત ૧૦૦૦

...૯૨૧ — કીમત બે આના. — સંવત ૧૯૭૭

લેખકના બે બોલ.

દેશી બન્ધુઓ, દેશને ઉત્તેજન આપવું એ આપણું પુરૂશાર્થ છે, તેમાંજ આપણું હીત સમાએલું છે, તેમાં આપણું ધન અને દોલત સઘળી તેમાંજ છે તો આ મારી અલ્પ બુદ્ધિના પ્રભાવથી મેં જે બે બોલ લખી જાહેર કર્યાં છે તેના ગુણ ગ્રહણ કરી રહેલા દોષો નીવારણ કરી મારી અલ્પ બુદ્ધિની આશામાં વધારો કરશો. વળી કહ્યું છે કે દુનિયા સ્વાર્થી છે, તો પ્રિય વાંચકવૃંદો જરા સાંભળો. ખરેખર સ્વાર્થ તો પ્રાણી માત્રમાં સરજાએલો છેજ. જંગલમાં મંગળ માનનારા પણ એક તરેહના સ્વાર્થીજ છે; તો હું તો એક સંસારમાં સપડાએલો પામર મનુષ્ય છું, તો મને સ્વાર્થ કેમ ન હોય. પરંતુ એવો સ્વાર્થી નથી કે બીજાની ગરદન ઉપર છુરી ચલાવી મારો સ્વાર્થ સુધારી લઉં, પરંતુ મારી ટુંકી બુદ્ધિની દોરી વડે જડ જેવા જીવોને ઝરામાં ડુબતા બચાવી દોરીને રસ્તે ચઢાવી સારે રસ્તે લેવા એ મારૂં કર્તવ્ય સમજી આ લેખ અત્રે અમલમાં મુકું છું તે આપ સદ્‌ગ્રહસ્થો પ્રેમથી સ્વીકારી મને હીંમત આપશો એવી આશા છે વળી વધારામાં આવા લેખો મફત પણ વહેંચુ પણ અસમ્ભવિત છે. કદાચ કોઈ ગૃહસ્થ મને જો હીંમત આપે તો ખરેખર મારા દેશને માટે દુઃખી થવાને તૈયાર છુ બીજું લખાણ ભયંકર હશે પણ હીત સમાએલું છે, હું એમ નથી કહેતો કે ભણેલાજ કુલંગાર છે, હાલમાં તો ભણેલા ને ગણેલા સરખાજ છે, પરંતુ સેંકડે પોણુસો ટકા ભણેલા ભારે કહેવાજ પડશે, હું નથી એટલો બધો વિદ્વાન કે ભણેલાને માથે ભાર મુકી ભારે પડું, તેમ નથી, એટલો બધો ધનવાન કે ધનહીનોને ગુજારી શકું પરંતુ ધનરૂપી મગજના ભંડારમાંથી ભાગ્યા તુટા બે બોલ જાહેર કર્યા છે તેને આપના હૃદયમાં રેડી જોશો તો આપને માલુમ પડશે કે:—

દોહરો.

જન્મધરી નીજ દેશમાં જે દેશનું હીત ના કર્યું
ધીક્કાર તેના જીવનને તે જીવનથી ઉદય શું થયું
જન્મ્યું તે મરશે સદા જાશો ખાલી હાથ
ઝાંઝવાના જળ સમી આ શું બીડો છો બાથ
દીવાની ખળની જ્યોતમાં (જેમ) પતંગીયું ઝંપલાય છે
તેમ સ્વાર્થીઓ શુરા સદા અંતે ઘણું પસ્તાય છે
મુમ્મત મુકો ઓ માનવી રંગે નારંગી નથી
સારંગીના શુરમાં ઇંદ્રપુરી સામી નથી
જુઠી બાજી જગતની જીંદગાનીતણું, બળ બહુજ છે.
જીતી કરો વશ બાજી તો સ્વર્ગ સામને તૈયાર છે.

રાગ હરીગીતમાં ગવાશે.

૧ પોથાં થોથાં બહુ પઢયા પણ ધર્મને ભુલી ગયા
ટાઇટલ તણા ખીતાબથી આંખો મીચી ઉંઘી ગયા
૨ નથી શરમને હોતાં શીંગડાં દયા ધરો આ દેશની
ગરીઓ હોમાયા ઘાણમાં જુઓ દશા આ દેશની
૩ સજી ઠાઠ જેન્ટલમેનનો ધમકાવો ઘાણા ખાઇને
ભુખે મરે ભાન્ડુ તમારા આપો ધીરજ કર ઝાલીને
૪ સળગે દેશ દાવાનળે કુદી પડો અંગારમાં
શાંત પમાડો જવાળને ઉઠી અરે સૌ સાથમાં
૫ ધરી જન્મ નીજ માતને ભૂલી તમો ભુલા પડયા
આળસ તજી આંસું લુંછો જુઓ ખરેખર તે રડયાં
૬ કુદરત પ્રભુ દેખાડશે ફુટશે ઘડો સૌ પાપનો
અંતે પરાજય પામશે વાવટો ફરકશે આપનો

૭ ન્યાય અદાલત મળશે કહું ઇશ્વરતણા દરબારમાં
જુઠાને જુતીયાં મારશે કહું સત્યના સણુગારમાં
૮ ગાંધી ગાંડા થઈ ફરે નીજ દેશનું દુઃખ દેખીને
અંતરની ઉર્મી કહ્યાં કહે જુઓ પ્રભુ સૌ પેખીને
૯ પ્રહલાદ ઉગાર્યો પલકમાં હીરણ્યાંકશ્યપ સંહારીને
રોયો રાવણ રણમાંહી તે ઉઠી જુએ સૌ ધારીને
૧૦ સત્યે જયસમ જાણજો અમૃત પીઓ આ હોંસથી
ડંકો વગાડો દેશનો બન્ધુ ઉઠો સૌ આજથી
૧૧ ભાઇલાલ ભાખે તો કરે પ્રભુ તણા પ્રતાપથી.

વાંચીને વિચારજો હૃદયતણા પ્રભાવથી
નીજ ધર્મ અમારા દેશનો પરધર્મમાં ગુંચાય છે
કાયા માંહી અવનીમાંહી અંતે ખરાબી થાય છે
સમજો અરે બન્ધુ તમે શાણા થઇ સાચા બનો
ધન્ય પ્રભુ ત્યાં આપશે ડંકો થશે ત્યાં ન્યાયનો
પ્રાચીન અમારા દેશનું ભારત અમે ભુલી ગયા
સાચા શૂરા સત્યવાદીયા દુઃખો અહીં ડુલી ગયા
આ દેશ દર્પણ દર્શાવે ભાવે ભાખે બન્ધુ તમે
ઉઠો ઉમરાવ ભાવીક પ્રેમ પ્રકાશે આ સમે.

(પ્રભુ અમારા ભારતનો ઉદ્ધાર કરો !)

રાગ કલગી.

જુઓ હિંદુસ્તાન અમારૂં જુઓ હિંદુસ્તાન—અમારૂં૦
દેશ તણાં દુઃખો વિત્યાં કેમ જાશે થાશે સહન કેમ નાથ—
રામ લક્ષ્મણને હરિશ્ચંદ જેવા ધાયા ધરીને ધ્યાન
બળવાખોરોના ખન્ડની સામે ગ્રહ્યાં સત્યનાં સણગાર
દુઃખી દશામાં નીરખતાં સઘળે ટપકે આંસુ ચોધાર
માતપિતાથી પુત્રોના ઝઘડા ગાતા ગોરીનું ગાન
વિદેશી વહાણે વહેલા જઇ ચઢતા રડતા જઈ સમસાન
રંગને રાગમાં ચમન સુહાગમાં ગયા કરી જગનાથ
પૂર્વેના પૂર્વજો સ્વપ્ને ન ભાળો જેથી થયા મસ્તાન
કુટુંબ કબીલામાં ! કુસંમ્પ દીસે પીસે વીષનુંપાન
પૂર્વેનું ભારત કરજો પ્રભુજી માગીએ જોડી બે હાથ—

(ઇશ્વર ઉદ્‌ગાર) સાખી.

સુખે રહો સૌ સાથમાં મારાં, વહાલાં બાળ
વાળ ન વાંકો થઇ શકે છે આશીશ મમ જાણ
કુસમ્પ તજી નીજ દેશમાં ગાશો ગોવિંદ ગાન
સાહ્ય જરૂર થાશે તહી જાશે દુઃખ તમામ
અંતર ગાંઠ મારી પડી જુઓ [illegible]
સ્વદેશ સેવા [illegible]
સત્ય [illegible]
[illegible]

નં. ૨

મરીશું દેશને માટે.

(રાગ હૃદયનો.)

આધશું માન ભારતનું, અમો સંતાન ભારતના,
ચાહીશું હીત ભારતનું, અમો સંતાન ભારતના.
સહીશું કષ્ટના ભારા, અમારા દેશને કાજે,
પડીશું નહિ કદી પાછા, અમો સંતાન ભારતના.
ભલે આકાશ પણ તૂટે, ચૂકીશું ધર્મ નહિ મુખે,
મરીશું દેશને માટે, અમો સંતાન ભારતના.
ઝુકાવી શીર સોંપીશું, ભલે ધડ ભોંયપર પડતું,
નથી પરવા જરા અમને, અમો સંતાન ભારતના.
તજીશું પ્રાણ આ પ્યારો, ભલેને જીવ લે સારો,
મૂકીશું ટેક નહિ આજે, અમો સંતાન ભારતના.
અમારા દેશને માટે. અમોએ જન્મ લીધો છે,
જગાડયો દેશ તે આજે, અમો સંતાન ભારતના.
ચઢયા વંટોળીએ વીરા, ચલાવી સત્યના ડંકા,
વીજય ડંકા વગાડીશું અમો સંતાન ભારતના,
છુરી શમશેર આ મનની, હવે કબજે કરીશું તો.
થશે પોકારના પહાડો, અમો સંતાન ભારતના.
અરે હિંદુ મુસલમાનો, તજો આ દ્વેષ જે રાખ્યો,
રહો સૌ સાથમાં સંપી, અમો સંતાન ભારતના.
જરીને ધ્યાન તો ખેંચો, જુઓ આ દેશના દુઃખો,

ભુખે રખડે ઘણા ભોળા, અમો સંતાન ભારતના.
કમાવી કંઇક કોડીને, ગુમાવી હાથની મુડી
દશા આ દેખશો રૂડી, અમો સંતાન ભારતના
અમીમય આંખ ખોલીને, ઉઠો વીરા તમે આજે
લખ્યો આ લેખ તે કાજે, અમો સતાન ભારતના
હૃદય મુજ કાબુમાં રહેતું, નથી આ લેખ લખવાથી
બોધ દુઃખ દેશનું ભારે, અમો સંતાન ભારતના
રહેલી ભુલ હોય મારી, ક્ષમા કરશો તમે ભાઈ
વદે ભાઇલાલ તો વાણી, અમો સંતાન ભારતના.

નં. ૩

(રાગ સીધોને સટ).

દયાળુ દેશીઓ મારા દયા દીલમાં જરા લાવો
ગરીબોને ગુજારીને દયા દીલમાં જરી લાવો
શ્રીમંતો શોખથી શાણા કરે કામો ઘણાં રાણા
દયાથી દાન દીપાવીને દયા દીલમાં જરા લાવો
વિના વસ્ત્રે ઘણા બાન્ધુ રખડતા રોજ ઉઠીને
અમીની આંખ ખોલીને દયા દીલમાં જરા લાવો
મધુરાં બાળ જે પ્યારાં બીચારાં દુઃખમાં રખડે
તમો તેને નીભાવીને દયા દીલમાં જરા લાવો
સુતેલા શોખીલા શાણા મદદ આવી તમો કરશો

હોરીનું રસ્તે ઓ પ્યારા દયા દીલમાં જરા લાવો
તમારી પેઢીઓ ચાલે હુંડી નાણું ઘણું આવે
તેમાંથી કંઇ બચાવીને દયા દીલમાં જરા લાવો
નથી તમ જીંદગી ભારે પલકમાં તે પડી જાશે
હૃદય ઉજ્વળ બનાવીને દયા દીલમાં જરા લાવો
જમાનામાં જુઓ સઘળે દુકાળો તો દીઠા આજે
સૂતેલા ધર્મને કાજે દયા દીલમાં જરા લાવો
વાવેલાં બીજ તે ફળશે પ્રભુને ત્યાં જરૂર મળશે
અગાડી ઠોકરે ચઢશે દયા દીલમાં જરા લાવો
વહેલું વહાણુ થઈ આડશે ઝવેરી જોખીને ભરશે
અંતે સ્વર્ગે જઇ ઠરશે દયા દીલમાં જરા લાવો
તીજોરીના ભલે તાળાં તડાકામાં તૂટી જાશે
દાટેલાં દેશમાં નાણું સવાયાં તે જરૂર થાશે
લખ્યું મુજ બન્ધુને માટે સુધારા દેશને કાજે
વદે ભાઇલાલ ઓ પ્યારા દયા દીલમાં જરા લાવો.

નં. ૪

વિદેશે વસેલા પતિની સતિનો વિલાપ.

(રાગ રડવાનો),

મળ્યો આ પત્ર ઓ સ્વામી પટકુ આ છાતીમાં [illegible]
ફરકતી આંખ જોઈ મારી રખે દુઃખ આવતું [illegible]
સોનરી શાહીથી શાણા લખ્યું શું [illegible]
અભાગીને મૂકી ચાલ્યા રખડતી [illegible]
કહ્યું માન્યું નહિ પ્યારા વિયોગી [illegible]
દુઃખે દીન કેમ જશે મારા વહે આંસુ [illegible]
કીધો તો સંગ મેં શાણા વચન પર [illegible]
વદયા શું સ્વર્ગે જઈ વાણી લખેલા લેખની [illegible]
કીધી વીધવા મને વાલા વરસ વય બારમાં સ્વામી
જુવાની જોરમાં ચાલે પડી આ જોડમાં [illegible]
ખીલી કરમાય છે વાડી સુકાતી દેહ [illegible]
પ્રભુ જોશો જરા ધારી દુઃખી આ ડુબતી નારી
બળીને ખાખ થાઉં છું છતાં કયાં આપ આવો છો
સુતેલા સ્વપ્નમાં જાણી પિયુજી શું બતાવો છો
નયનથી ચાલતાં નારાં સ્વામીજી શું કીધાં ખારાં
કરમમાં શું લખ્યાં આડાં ભર્યાં કયાં દુઃખનાં ગાડાં
દીઠા આ દુઃખના ડુંગર ધીરજ કોણ આપશે અમને
પુછું છું હું કહું તમને બતાવોને કહું [illegible]મને
જોઈ દુઃખ નારનું સઘળું પ્રભુને [illegible]નવે
હવે રસ્તો બતાવોને વહે [illegible] [illegible]મને

સ્વરાજ્યની સાચી સાખા.

રાગ પરભાતીયું.

ઊઠોને વીરલા સંગ કરીયે હવે આજ સત્યાગ્રહીનો
દુઃખી સઘળા જુઓ પોકે પોકે રૂવો કષ્ટ શીર ઉપરે વાદળાં છે
હામ ને દામથી નેકી અભીમાનથી સત્યને સંપથી ટેકી થાવો
ગાંધી ગુણો કહે દેશીઓ તે લહે મંત્ર વંદેમાતરમ છે
ભારતી ભોમીમાં જનોતણી બેડીમાં હીંમત કરી સવે ચાલો
અર્જુની કર્મો જુઓ બંધુઓ ના રૂવો આખરે વિજયવાવટો છે
લડીશું લાડથી સહીશું પ્યારથી માગીશું મુખથકી દે પાછો
આપો રાજન હવે દુઃખ કોને ગમે હિસાબે જે ચોપડે છે
બોલો ભાખી કહે ભાવથી ભણો તમો સત્યની શાળાઓ જે ખુલી છે
પ્રભુ પ્રસન્ન થશે દુઃખો દુર થઇ જશે મુખથી હરનીશ ગાન ગાવો

નં. ૫

પ્રિય વદે ડેરી માતા.

(રાગ ઠંડા આઇસ્ક્રીમ જેવો).

સુતેલા હિંદના બાળો હવે તો ઊંઘથી જાગો
બન્યા મસ્તાન શું પ્યારા હવે તો ઊંઘથી જાગો
જુઓ દુધ ડેરીએ ચાલ્યું બળ્યું હાયે હૃદય મારૂં
પોકારો પ્રેમથી જાણી હવે તો ઊંઘથી જાગો
નથી દુધ ઘી જરા મળતાં માતા ઘરમાં રડે ભારી

જુઓ શી થઇ દશા મારી હવે તો ઊંઘથી જાગો
ચઢયા લક્ષ્મી તણા લોભે મરો છો દેહના રોગે
હઠાવો ડાકણી માને હવે તો ઊંઘથી જાગો
લાલચમાં તો પડયા લપસી દશા આ દેખશો જલ્દી
ચૂસ્યાં ખુન દેહનાં આજે હવે તો ઊંઘથી જાગો
શ્રીમંતો મોજથી પીતાં ગરીબો દુઃખમાં મરતા
દયા દીલમાં જરા લાવી હવે તો ઊંઘથી જાગો
બન્યા રોગી તમે છેલા સુતા શું પ્રેમથી ઘેલા
તજી આળસ અરે ભાઇ હવે તો ઊંઘથી જાગો
જુઓ આ દેશમાં ડાકણ વસી છે મોજથી પોતે
પડયા છો ફંદમાં આવી હવે તો ઊંઘથી જાગો
હતું પૂર્વે ઘણું સસ્તું નથી મળતું જરા આજે
જરા કંઇ ધ્યાન આપીને હવે તો ઊંઘથી જાગો
કુધારા દેશમાં પાકયા ખરેખર સૌને મન ભાવ્યા
કદર કરશો જરા ધારી હવે તો ઊંઘથી જાગો
સુતેલા સોડ તાણીને પોકારો પ્રેમથી સુણજો
કરો બંધ ડેરીઓ જાતું હવે તો ઊંઘથી જાગો
સુધારાની સીડી આજે લખી મેં દેશને કાજે
સુધારી ભૂલ જોઇ મારી હવે તો ઊંઘથી જાગો
દયાળુ દેશીઓ મારા દયા દીલમાં જરા લાવો
કહે ભાઇલાલ ઓ પ્યારા હવે તો ઊંઘથી જાગો

(જાગો દેશીઓ જાગો.)

દાસપરે દયા લાવોરે એ રાગ.

દેશપરે દયા લાવોરે દયાળુ ભાતા દેશપરે દયા લાવો
પહેરો ખાદી પ્રીતે પ્યારા ગ્રહો ગુણ જે હોય બહુ સારા
મુકો મુમ્મત એ ઠાલા ઠાલારે— દયાળુ૦
સાટીન સીલ્ક હૈયામાં વળગે દુઃખી થઇ બહુ વીરો સળગે
જોશો કહું દીલથી અળગે અળગેરે— દયાળુ૦
ખાદી ખર્ચે ખુશી થાશો સીલ્ક નથી સટાએ જાશો
પાછળથી પસ્તાશો પસ્તાશોરે— દયાળુ૦
રેંટીઆ રૂડા તમો ગાજે ભણતર એનું દેશમાં થાજે
સુદર્શન ચક્ર એ ધારી ધારીરે— દયાળુ૦
ગાંધીજીએ ગુણો ગાયા તમો સંગે આવો ધાયા
વિદેશીના વા વાયા વાયારે— દયાળુ૦
પટેલનો પોકાર સુણી આ વિદેશી વાપરતા ના આ
સત્યનો સહયાક છે સમ રામરે— દયાળુ૦

નં. ૬

અહોનીશ ગાન આ ગાજો.

રાગ કવાલી.

ગજાવીશું ગજાવીશું અમે ભારત ગજાવીશું
સ્વદેશી સાથમાં સમ્પી અમે ભારત ગજાવીશું
જમાવીશું જમાવીશું અમે સૌ સમ્પ જમાવીશું
મળી હિંદુ મુસલમાને અમે સૌ સમ્પ જમાવીશું
ચઢાવીશું ચઢાવીશું મુગટ હિંદને ચઢાવીશું
હશે જો દેવની મરજી મુગટ હિંદને ચઢાવીશું
વધાવીશું વધાવીશું અમે ગાંધી વધાવીશું
થઈ સ્વદેશમાં શુરા અમે ગાંધી વધાવીશું
ગાઇશું ગાન ગાંધીના સ્વદેશી વાવટા નીચે
સેવા સ્વરાજ્યની કરવા અમે હીંમત વધારીશું
મૌલાના શૌકતઅલીએ વિજયનો વાવટો ઘેર્યો
થઇ ભીમસેન સમ શુરા સ્વદેશી કાયદો વર્યો
કરૂણામય તમે થજો કૃપાળુ દેવ ઓ મારા
દયા ભારત તણી જોશો કૃપાળુ દેવ ઓ મારા
ચમકતી વીજની માફક પ્રભુ ઉદય તમે । કરજો
કહે ભાઇલાલ ભાવેથી ખુશીથી ગાન આ પઢજો

નં. ૭

જરા પ્રભુથી ડર તો રાખો!!!

(રાગ) ડરમાં તું દીલસાથ છોકરા—ડરમાં.

કરો શું આવું કામ બન્ધુઓ કરો શું આવું કામ
દેશ બગાડયો દુઃખે ડુબાવ્યો અંધા બન્યા શું આમ—
છૂપા ઘરમાં બેસી ખૂણે પીવો તમે શું જામ
હાથે કરી કુવામાં પડતાં કરે શાથ શું રામ—
ગરીબ વર્ગપર ધમકી આપી જુલમ કરો શું આમ
સત્યાનાશને ખાટલે ચઢતાં રૂવો બેઇને શામ—
ઈજ્જતને પોકેટમાં ઘાલી લક્ષ્મી લૂંટાવો આમ
ભારતનું આ ભવીષ્ય બગાડી ભીડો તમે શું હામ—
આજકાલ શોખીલા જોતાં શું હું બતાવું હાલ
પીઠામાં પરભાર્યા અડતાં નથી શરમ કે લાજ—
દેશ હિંદમાં નાહક આવી ધર્યું તમે શું ધ્યાન
કહો પ્યાલા જઇને પીવામાં પામ્યા કયાંથી માન—
ગેલન ઉપર ગેલન પીતાં ભૂલ્યા દેશનું ભાન
અવળી મતિના અડબુચો અહી બન્યા મૂર્ખ નાદાન—
ગર્થ ગૂમાવી ઘેલા બનતા હાય અભાગી રાજ
ઇન્ડીયાની પાયમાલી કરવા ધરી હામ શું આજ—
ઠંડા પોરનાં ગપ્પાં લગાવી હેન્ડ હલાવો આમ
સ્વર્ગે સઘળું સાથે લેજે પીઠું પ્રભુને ધામ—
પ્યાલા પીતાં વાર વાગશે જવાબ લેશે જ્યારે

લેખ બતાવે મેખ મારીને યાદ આવશે ત્યારે—
લખ્યો લેખ અંતરથી મારો સાચવશો કહું યારો
ભાઈલાલ કહે છે ભાવ બતાવી ખરીદશો આ યારો—

નં. ૮

દુઃખમાં ડુબેલી દેવીનું દીલ.

(રાગ જમાનાનો તાલ તબલાનો.)

ક્યાં છે ભારતના સંતાન અમારૂં શ્રેય કરનારાં
નથી કે શું અરે હિંદમાંય અમારૂં દુઃખ હરનારાં
હતી મુજ આશ અંતરની ઉછેરીને કીધા મોટા
થયા મશગુલ શું શાણા અમારૂં દુઃખ હરનારાં
નથી જોતા જરા બન્ધુ પડયું જે દુઃખ બહુ ભારી
મદદ મુજને કરો પ્યારા અમારૂં દુઃખ હરનારાં
મરે છે પુત્રો જે પ્યારા ઉગારો દેવ ઓ મારાં
ગયા રણમાં ઘણા રખડી અમારૂં દુઃખ હરનારાં
ફસાવી મુજને ભારી પ્રિય બન્ધુ સુણો ધારી
દીધી ક્યાં કેદમાં જામી અમારૂં દુઃખ હરનારાં
હવાઈ આજ તો હાલ્યાં તમોએ શું પ્રિય માન્યાં
પડયા અહીં બૉમ્બના ગોળા અમારૂં દુઃખ હરનારાં
સહન સંકટ કરૂં ક્યાં જઇ અરે ઓ બાલુડા મારાં
કસો કમર તમો ભાઇ અમારૂં દુઃખ હરનારાં
શુરો મુજ પુત્ર જે પ્યારો લોકમાન્ય તીલક સૌને મન ભાવ્યો

સુતેલાને જગાડયા છે અમારૂં દુઃખ હરનારાં
ફરીને સંગ બાંધીમેં લીધી મુજ આશ અંતરમાં
ચુકો શું ધર્મને પ્યારા અમારૂં દુઃખ હરનારાં
ડુબે છે નાવ આ ભારે થઇ મસ્તાન શું ફરતા
બચાવોને હવે તેને અમારૂં દુખ હરનારાં
નીશાનો તો ચઢાવોને તમારા નાવને માથે
શુકાનો હાથમાં રાખો અમારૂં દુઃખ હરનારાં
ફરે આશીશ અહીં મારી સ્વીકારો પ્રેમથી જાણી
પ્રીય ચક્ષુ ચલાવીને અમારૂં દુઃખ હરનારાં
ગુણો દેવીતણા આવા પટેલ આ લેખમાં પ્રાપ્યાં
વસે આનંદમાં આવા અમારૂં દુઃખ હરનારાં.

રાગ બગલાની પાંખ જેવો.

સફેદ અને સુંદર મઝાનો ખાદીનો પોશાક છે
સ્વરાજ્યની શોભા મહીં પણ ખાદીનો પોશાક છે
બારીક નજરથી બંધવો જોશો ગુણો અઢળ મહી
સાદો અને સસ્તો વળી આ ખાદીનો પોશાક છે
ગરમી બદનને આપતો ચીકણો અને ટકાઉ છે
વિદેશીને હંફાવવા આ ખાદીનો પોશાક છે
શાટીન અને વાથલતણું જે દુઃખ કાપે ખંતથી
તેને ગહ્યા ગુણો મહી આ ખાદીનો પોશાક છે
પોશાક છે પોશાક છે પોશાક છે આ ખાદીનો
ફેન્સી અને ફેશનતણો આ ખાદીનો પોશાક છે
સીમ્પલ જીવન ખાદી મહીં ગુજારવા હીંમત કરો
કરવા હેવું જીવન હવે આ ખાદીનો પોશાક છે
પૂર્વેનું ભારત દેખશો સમજો તમે શાણા થઈ
થતું સુખ અને શાંતિ જુઓ આ ખાદીનો પોશાક છે
ભાવે ભણો ભણતર તમે ભાઇલાલ કહે છે ભાખીને
ઈશ્વર અગાડી એકલો માગી રહ્યો કંઇ યાચીને.

પ્રિય વન્દેહની બેગ હોટલે મી. હરમાનદાસ.

(રાગ હન્ટરના મારનો).

શુકર તણો આ દીન છે રાત્રી દીસે પુનમ તણી
ભોજન કરી સંધ્યાતણું મીસ્ટર ગયા હોટલભણી
ખીસામાં નાણું ખુબ છે મોટર લીધી ભાડે કરી
ભું ભું તણા ભણુકારથી આવી હોટલે તે તો ખડી
ફેશન તણા ફક્કડ ઊઠયા આફિટ મોટરની બાહારમાં
ચટપટ કરી ચાલ્યા ગયા કહું એ હોટલ નીશાનમાં
સેલ્યુટ કરી સાહેબની સાથે જઈ સેકહેન્ડ કરી
ગપ્પાં લગાવી જોરથી પોજીશને ખામી ઠરી
સાહેબ સાચા આ જુઓ ખીસામાં ખંખ વાગે સદા
મેટ્રીકથી મન વાળીને મહાલી રહ્યા છે સર્વદા
હાથે કરી સાહેબથી સેકહેન્ડમાં સામેલ થયા
ઓર્ડર અપાવ્યો હોંસથી ખીસા ખરાબી તો થવા
પુરી બટાટા ડીસ બે ભજીયાં લીધાં છે ભાવથી
ધ્યાન આપશો ઓ બન્ધુઓ શું થાય છે અહીં આ ઘડી
ચા ચાટતા ચપણું લઇ પુરી જમે અહીં ઠાઠમાં
માખી ઘણી બણુબણુ કરે પ્રીતે લખું અહીં પાઠમાં
કૌતક જુઓ આ કારમું ચપણા મહીં મુછો ડુબી
કુદરત કરાવે કેર શું મીસ્તર તણી આ શી ખુબી
માખી ઠરી મુછો પરે હેન્ડને હલાવ્યો જોરથી
ડગી પડી ડીશ દેખતાં મીસ્તર ચાં કયા અહીં ફોર્સથી
કુદયા અરે કહું બે ઘડી મીસ્તર ઘણા દઆય છે

સુની કડકતી જવાળથી મનમાં ઘણું મુંઝાય છે
ભૂખી થયા માલીકપરે ડીશ ફેંકી દીધી જોરથી
ટુકડા થયા મેનેજર કહ્યું માલીક કહે શું શોરથી
શું સ્વર્ગ પ્રિન્ટ અરે બીલ ડીશનું ચુકવે: તમો
પાકીટ બતાવો આમ શું તતડી રહ્યા શું આ સમે
આપણા થયું મીસ્તર તણું બીલ ચુકવું કોરટ મહી
ટેમ ફેલ ગયા શું કરે દાઝયા તણું દીલમાં નહી
આંખો મીચી બીલ માગતાં શરમ આવતી તુજને નથી
જા જા અરે જબ મારતા બીલ આપવાનો હું નથી
ગુસ્સો કરી ઉભા થઇ મીસ્ટર હીંડયા છે જોરથી
સાંભળથી માનો ક્યાં ભૂલકી રહ્યા મનમાં મથી
ઘડી થઇ હોટલ મહી પોલીસ આવી ત્યાં ખડી
બેડી નાંખી છે હાથમાં શું થાય છે અહીં આ ઘડી
લાંચ આપવા પોલીસને ખીસાથી નાણું કાઢતા
ચોરી થએલી જોઇને મનથી ઘણું વિચારતા
સાહેબજીએ સારૂ કર્યું ખીસું કાપ્યું આ તો જુઓ
પોલીસ પરાણે લઇ જશે હોટલ જઈ હું તો રહ્યો
રજુ કીધા કોરટ મહી ઇન્સાફ અરે શો થાય છે
ઓર્ડર થયો ઇન્ટર તણો મીસ્ટર ઘણું મુંઝાય છે
પૈસા ડબલ ડીશના દીધા ઇજ્જત અરે શું થાય છે
લોફર તણા લટે ચડી નામે ખરાબી થાય છે
સુણી અરે આ લેખને પ્રતિજ્ઞા લેશો પ્રેમથી
સંગે ચડી સાચા થઇ કરશો નહિ આવું ફરી
ભાવે કરી મુજ મિત્રોએ ચા દેવીનું સેવન કર્યું
લેખક પટેલ પોતે કહે આ દેશમાં દુઃખ શું લહ્યું.

સત્યમેવ જયતે:

વાંચો ! વંચાવો ! !

અને

મિત્ર મંડળમાં ફેલાવો.

લેખકનાં બીજાં અમૂલ્ય દેશ સેવાનાં પુસ્તકો—

દેશ દર્પણ........................૦—૨—૦
ચંપાની કળી....................૦—૧—૬
ભાઈલાલની ભાંજગડો ....૦—૧—૬

દેશી ભાઈઓની સેવામાં ઉપર બતાવેલાં બે આનાની ટીકીટો બીડી મંગાવી લેવા મહેરબાની કરશો. ટીકીટ વીનાનો જવાબ મળશે નહિ માટે અગાઉથી ટીકીટ બીડવી.

વળી કમરકસી તૈયાર રહેશો, થોડાજ વખત બાદ નવી-બુક (રામ ભરોંસે) ઉર્ફે સ્વદેશ સેવા નામની બહાર પડવાની છે, અને તે ઘણીજ વિનંતી સાથે વાંચવા હદ બતાવે કે થોડું લખ્યું ઘણું માનશો. માટે તૈયાર થઈ રહેશો એ આશા છે. ઉપર બતાવેલાં પુસ્તકો નીચેના સરનામેથી મળશે માટે લખો:—

હેડ ઑફીસ—ભાઈલાલ દેસાઈભાઈ પટેલ. શાન્તિપોળ—કરમસદ

બ્રાન્ચ ,, લાયન એન્ડ કો૦ ની "રોયલ" સ્પોર્ટ વર્કસ—
વડોદરા.

બ્રાન્ચ ,, ભાઈલાલ દેસાઈભાઈ પટેલ.
મહીધરપુરાની બારીયાશેરી, સુરત.